### આઈઆઈટીઈ દ્વારા

# સિસ્મિક કોડ અંગે વર્કશોપ યોજાયો







ભૂકંપ સમયે બિલ્ડીંગ્સની સુરક્ષા અર્થે સિસ્મિક કોડ્સ અંગે ચર્ચા આઈઆઈટીઈ ખાતે હાથ ધરવામાં આવી હતી. ઈન્ડસ્ટ્રી લીડર્સ અને સિવિલ ઍન્જિનીયરિંગના પ્રોફેશનલ્સ આ ચર્ચામાં જોડાયા હતા. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટૅકનોલૉજી, ગાંધીનગર દ્વારા આ સિસ્મિક કોડ્સ અંગે એક દિવસીય વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત નિષ્ણાતો દ્વારા આ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. ૧૮૦ જેટલા સદસ્યોએ આ વર્કશૉપમાં ભાગ લીધો હતો, જેમાં શિક્ષણવિદો અને પ્રૉફેશનલ્સ ઉપરાંત સિવિલ ઍન્જિનિયરિંગ શાખાના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.

# ડિપ્લોમા ઈજનેરીમાં ૯૦૦ બેઠકોનો વધારો થશે

ગાંધીનગર, તા. ૧૮

ધો.૧૦ પછી ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટેની રાજ્યમાં ૧૪૪ કોલેજો ઉપલબ્ધ છે. જેમાં ૩૧ કોલેજો સરકારી, ૫ ગ્રાન્ટેડ અને બાકીની સ્વનિર્ભર કોલેજોનો સમાવેશ થાય છે. આ તમામ કોલેજોમાં હાલમાં ૬૧,૫૦૦ બેઠકો ઉપલબ્ધ છે. ગતવર્ષે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અંદાજે ૧૮ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. આ પ્રકારની સ્થિતિ છતાં ચાલુ વર્ષે પાંચ નવી ડિપ્લોમા ઈજનેરી કોલેજને કાઉન્સિલ દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. આ કોલેજોને આગામી દિવસોમાં થનારી ડિપ્લોમા ઈજનેરીની પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરી દેવામાં આવશે. પાંચ કોલેજોની મંજૂરી મળતા અંદાજે ૯૦૦ જેટલી બેઠકોનો વધારો થાય તેમ છે. હાલમાં ચૂંટણી અંગેની આચારસંહિતા લાગુ હોવાના કારણે પ્રવેશના નિયમો સહિતની કોઈ જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ ધો.૧૦નું પરિણામ જાહેર થયા બાદ પ્રવેશના નિયમો અને પ્રવેશનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવશે. પ્રવેશના નિયમોમાં કોઈ મોટા ફેરફાર થાય તેવી શકયતા નથી. ચાલુવર્ષે ઈડબ્લ્યુએસ એટલે કે આર્થિક રીતે પછાત કેટેગરીમાં આવતાં વિદ્યાર્થીઓ માટે ૧૦ટકા બેઠકો અનામત રાખવાનું નક્કી કરાયું છે. આ નિર્ણયનો અમલ અન્ય કોર્સની જેમ ડિપ્લોમા પ્રવેશ પ્રક્રિયામાં પણ કરવામાં આવશે. જેના કારણે કુલ બેઠકોમાં ૧૦ટકા બેઠકોનો વધારો થશે. ચાલુ વર્ષે ધો.૧૨નું પરિણામ સામાન્ય ઓછું હોવાના કારણે ધો.૧૦ની ટકાવારીના આધારે ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને ક્રેઝ રહે તેવી શક્યતા છે.

# એર માર્શલ દ્વારા એર ફોર્સ સ્ટેશનની મુલાકાત





ગાંધીનગર, તા. ૧૮

એર માર્શલ એચ એસ અરોરા એવીએસએમ એડીસી એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ (સ્વાક) દ્વારા એર ફોર્સ સ્ટેશન, વડોદરાની મુલાકાત લેવામાં આવી હતી. તેમની સાથે બલજીત અરોરા પ્રેસિડન્ટ AFWWA (રિજનલ) જોડાયા હતાં. તેમનું સ્વાગત એર કોમોડોર આઈ આઈ કુટ્ટપ્પા વીએમ વીએસએમ, એર ઓફિસર કમાન્ડિંગ, એર ફોર્સ સ્ટેશન વડોદરા અને વસુંધરા કુટ્ટપ્પા, પ્રેસિડન્ટ AFWWA (લોકલ)એ કર્યું હતું.

આગમન પર એર માર્શલે સ્ટેશન દ્વારા ગાર્ડ ઓફ ઑનર મેળવ્યું હતું અને સ્ટેશનની ચાલુ કામગીરીની જાણકારી ટૂંકમાં મેળવી હતી. એર માર્શલે સ્ટેશન પર કાર્યરત અધિકારીઓને સંબોધન કર્યું હતું અને સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડનાં ટોચનાં એર બેઝ દ્વારા ભજવવામાં આવતી ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે એર ફોર્સનાં અધિકારીઓની સતત સારું કામ કરવા બદલ અને હંમેશા સતર્ક રહેવા બદલ પ્રશંસા કરી હતી. તેમણે બેઝનાં મહત્ત્વપૂર્ણ ઈન્સ્ટોલેશનની ચકાસણી કરી હતી અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ પછી વિશેષ તૈયારી જાળવવા બદલ સ્ટેશનની કામગીરીને બિરદાવી હતી. બલજીત અરોરા એર ફોર્સનાં કર્મચારીઓનાં પરિવારજનો માટે AFWWA (લોકલ) દ્વારા હાથ ધરવામાં આવેલા કલ્યાણકારક પગલાંઓ પર ખુશી જાહેર કરી હતી. તેમણે દરજીપુરા અને મકરપુરામાં એર ફોર્સ સ્કૂલની પણ મુલાકાત લીધી હતી તથા તેનાં સંચાલનની રીતની પ્રશંસા કરી હતી. એર ફોર્સ સ્ટેશન, વડોદરા પર વિવિધ સ્થાનોની મુલાકાત લેવા ઉપરાંત કોલવડા આયુર્વેદ હોસ્પિટલમાં પૂનમે ભગવાન ધનવન્તરીનો ઔષધીય યજ્ઞ કરવામાં આવ્યો. બલજીત અરોરાએ મકરપુરામાં અનાથાશ્રમ 'મિશનરીઝ ઓફ ચેરિટી'ની પણ મુલાકાત લીધી હતી અને નિવાસી બાળકોનાં જીવનધોરણને સુધારવા માટે ઉપયોગી ચીજવસ્તુઓની પ્રદાન કરી હતી.

# કોલવડા આયુર્વેદ હોસ્પિટલમાં ધનવન્તરીનો ઔષધીય યજ્ઞ કરાયો



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતે આવેલ સ્ટેટ મોડેલ આયુર્વેદ હોસ્પિટલ સંલગ્ન કોલેજમાં દર પૂનમની જેમ આજની પૂનમે પણ ધનવન્તરી ઔષધિય યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ યજ્ઞ દ્વારા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા લકવાગ્રસ્ત તથા અન્ય દર્દીઓને ભગવાન ધનવન્તરી ઝડપથી રોગમુક્ત અને તંદુરસ્ત બનાવે તેવી ઔષધીય આહુતિ દરેક દર્દીઓ દ્વારા આપવામાં આવે છે.આ ઔષધિય યજ્ઞ અને દરરોજની પ્રાર્થનાથી તમામ સ્ટાફ અને દર્દીઓ વચ્ચે એકાત્મભાવ જળવાઈ રહે તેવું પોઝિટિવ વાતાવરણ ઉભું થવાથી કોલેજ કેમ્પસ અને હોસ્પિટલમાં સર્વે સંતું નિરામયાઃ ની ભાવના પ્રબળ બને છે. તમામ ડૉક્ટરો,નર્સિંગ સ્ટાફ,સફાઈ કામદારો અને વિવિધ બીમારીઓમાં ઔષધીય તેલની માલિશ અને પંચકર્મ કરાવતા સેવાભાવી ભાઈ બહેનો દર્દીઓની આત્મીય જનની જેમ મન દઈને સેવા કરે છે. આ હોસ્પિટલ અને કોલેજ કેમ્પસની સ્વચ્છતા સ્વચ્છ ભારત અભિયાનને સાચા અર્થમાં સાર્થક કરે છે. વળી, વ્યસનમુક્તિ અભિયાન પણ ઔષધીય ચિકિત્સા દ્વારા ચલાવવામાં આવે છે.પ્રાઈવેટ હોસ્પિટલોમાં મોંઘી ફી આપીને કંટાળેલા દર્દીઓ વિનામૂલ્યે સેવા આપતી આ હોસ્પિટલમાં દૂર દૂર છેક સુરત, વલસાડ, કચ્છ, સૌરાષ્ટ્ર ઉપરાંત રાજસ્થાનથી પણ લક્વા કે કેન્સર જેવી બીમારીમાં સારવાર લેવા માટે આવી ભગવાન ધન્વંતરીની ઔષધીય ચિકિત્સા લઈ સારા અને તંદુરસ્ત થઈ હસતા હસતા પરત જાય છે. દરરોજ ઔષધીય ઉકાળા અને સાત્વિક ભોજન પણ દર્દીને વિનામૂલ્યે આપવામાં આવે છે. છેલ્લા કેટલાય વર્ષથી મણકાની બીમારીથી ત્રસ્ત કલોલ કોલેજના પ્રો. ડો.એચ.કે.સોલંકીએ અહીં પચ્ચીસેક દિવસથી દાખલ થઈ સારવારથી રાહત અનુભવીને આ ઔષધીય યજ્ઞથી પ્રભાવિત થઈને જણાવ્યું હતું કે હવે દરેક નાગરિકે આજીવન સારા અને તંદુરસ્ત રહેવા માટે આયુર્વેદ તરફ વળ્યા સિવાય છૂટકો નથી.

# ગુજ. યુનિ. દ્વારા પ્રવેશપ્રક્રિયાના રાઉન્ડ વધારાય તેવી માગણી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન જુદા જુદા કોર્સમાં પ્રવેશ માટે સત્તાધીશોએ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો માત્ર એક જ રાઉન્ડ કરવાની જાહેરાત કરી છે. ઓનલાઈન પ્રવેશના એક જ રાઉન્ડના કારણે મેરિટમાં આવતાં હજારો વિદ્યાર્થીઓને ભારે અન્યાય થાય તેમ છે. આ સ્થિતિમાં એક રાઉન્ડના બદલે પ્રવેશ પ્રક્રિયાના ત્રણ રાઉન્ડ કરવામાં આવે તેવી માગ જુદા જુદા સ્તરે ઊઠવા પામી છે.

યુનિવર્સિટીના સેનેટ સભ્ય મનીષ દોશીએ રાજયપાલને કરેલી રજૂઆતમાં એવો ઉલ્લેખ કરાયો છે કે, દર વર્ષે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના નામે વિદ્યાર્થીઓ પર સતત અખતરા કરવામાં આવતાં હોય છે. ચાલુ વર્ષે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામા માત્ર એક જ રાઉન્ડ કર્યા બાદ ખાલી પડેલી બેઠક કોલેજોને ભરવા માટે સોંપી દેવાની વિચિત્ર જાહેરાત કરાઈ છે.

સામાન્ય રીતે ઓનલાઈન પ્રક્રિયામાં પહેલો રાઉન્ડ ઓનલાઈન કર્યા બાદ બીજો રિશફલિંગ રાઉન્ડ કરવામાં આવે છે. જેના કારણે અગાઉ જે કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ન મળ્યો હોય તેને રિશફલિંગમાં બીજી તક મળતી હોય છે. યુનિવર્સિટીએ ચાલુ વર્ષે એક જ રાઉન્ડ ઓનલાઈન કરવાની જાહેરાત કરીને વિદ્યાર્થીઓના રિશફલિંગના હક્ક પર સીધી તરાપ મારી દીધી છે. આ પ્રકારના નિર્ણયના કારણે મેરિટમાં આવતાં વિદ્યાર્થીઓને ભારે અન્યાય થાય તેમ છે.

# જન્મદિને વધામણી



જિયાંશી રણજિતભાઈ ચૌહાણ



ગણપતભાઈ નારણભાઈ પરમાર

મો. ૯૨૨૮૮ ૮૨૩૪૭૮



શ્રેયા દિપકભાઈ પ્રજાપતિ

ફોન : ૨૩૨૨૩૯૦૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ચૂંટણીનાં પરિણામોનું રાશિ આધારિત આકલન

લોકશાહીના ધબકાર સમાન અને મહામૂલ્ય એવી ચૂંટણીનો સુંદર અવસર આપણે ત્યાં આવ્યો અને સૌ કોઈ પોતપોતાની રીતે એનો લ્હાવો લઈ એક અનેરા આનંદની અનુભૂતિ કરી રહ્યા છે ત્યારે આ ચૂંટણી એ સામાન્ય નહીં પરંતુ અસામાન્ય ઘટના છે એ વાત અતિશયોક્તિભરી નહીં ગણાય.

ગુજરાત રાજયની વાત કરીએ તો ૧૯૬૦ની સાલમાં તેની સ્થાપના થઈ હતી. તે અગાઉ બૃહદ મુંબઈ રાજ્યની સાથે જ હાલના ગુજરાત પ્રદેશનો સમાવેશ તતો હતો અને એ હિસાબે સૌ પ્રથમ વખત ૧૯૫૨માં જ્યારે લોકસભાની ચૂંટણી થઈ ત્યારે બૃહદ મુંબઈ રાજ્યની ચૂંટણી પણ થઈ હતી અને ૧૯૬૨ સુધીની લોકસભાની ચૂંટણી સુધી તે અમલમાં રહી હતી. ગુજરાતમાં લોકસભાની ૨૨ સીટ હતી, જે હવે ક્રમશઃ ૨૬ થઈ છે. લોકસભાની દરેક ચૂંટણીમાં કોઈ ને કોઈ વિશેષતા રહે છે અને તેનું તે રીતે થયેલું આકલન અલગ-અલગ રીતે જોવા મળે છે.

વિવિધ રાજકીય પક્ષોનું વિવિધ ચૂંટણીઓમાં અલગ-અલગ રીતે સીટોનું ગણિત યોજવામાં આવતું હોય છે અને વિસ્તૃત છણાવટ પણ જે તે સમયે કરવામાં આવતી હોય છે. પરંતુ માનવીના જન્મના આધારે નિયત થયેલી નામની રાશિ અને વ્યક્તિ વિશેષના અન્ય ગુણો પણ તેના ભવિષ્યનું નિર્માણ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે કે શું ? તે બાબતે સામાન્યતઃ સંશોધન ખૂબ જ સીમિત માત્રામાં કદાચ થતું હશે. હિંદુ માન્યતા મુજબ જન્મના છઠ્ઠા દિવસે વિધાતા ભાગ્ય નિર્માણના લેખ લખવા આવે છે અને આ સંસ્કાર મુજબ હજુ પણ વિવિધ રીતે આ ખૂબ જ મહત્ત્વના ઉત્સવનું આયોજન થતું આવે છે. આ બધાથી અલગ અને વિશિષ્ટ રીતે આકલન કરવાનું વિચાર્યું ત્યારે અગાઉ ગુજરાતની ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી સમયે ઉમેદવારોની નામ મુજબની રાશિને ધ્યાને રાખીને કરેલું આકલન (જે ૯૦ ટકા આસપાસ સાચું પડ્યું હતું) હવે લોકસભાની ચૂંટણી માટે અને માત્ર ગુજરાત રાજ્ય માટે ફરીથી તે રીતે વિજેતાઓનું આકલન થઈ શકે કેમ ? તેવો પ્રશ્ન થયો અને આકલનની શરૂઆત કરી.

સને ૧૯૫૨થી ૨૦૧૪ દરમિયાન લોકસભાની તમામ ચૂંટણીનાં પરિણામોને ધ્યાને રાખી સવિસ્તાર અને ઉમેદવારોની રાશિના આધારે તમામ પરિણામોનું આકલન અને ૨૦૧૯ની ચૂંટણીના મુખ્ય બે પક્ષોના ઉમેદવારોની રાશિના આધારે જીતની સંભાવનાની ગણતરી કરવાનો એક પ્રયાસ કર્યો છે. (આ આકલનમાં રાશિ ઉપરાંત અન્ય પરિબળોનો પણ જરૂર હોય ત્યાં જ સમાવેશ કર્યો છે.)

૧. ૧૯૫૨થી ૨૦૧૪ દરમિયાન લોકસભાની તમામ ચૂંટણીનાં પરિણામોને ધ્યાને લેતાં એ બાબત ધ્યાને આવી છે કે જે તે ઉમેદવારની વ્યક્તિગત શાખ તેમની જીતમાં મહત્ત્વનો ભાગ તો ભજવે જ છે પરંતુ તેઓની નામ મુજબની રાશિ પણ જીતની હકદાર બની છે.

૨. ૧૯૮૪થી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીનાં પરિણામો મુજબ કુલ ૭ વખત વિજેતા થનાર એક મહાનુભાવ હતા, જ્યારે ૪થી ૬ વખતના વિજેતાઓની કુલ સંખ્યા ૨૨ની હતી અને ૨થી ૩ વખતના વિજેતાઓની કુલ સંખ્યા ૨૬ની હતી. આમ ૧૯૮૪ની ૨૦૧૪ (ત્રીસ વર્ષ નવ લોકસભા ચૂંટણી) દરમિયાન ૪૮ ઉમેદવારો એવા હતા કે જેઓ બેથી વધુ વઘત જીત્યા હતા. પરંતુ જોવાની ખૂબી એ છે કે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીના વિજેતાઓ પૈકી હાલ કુલ ૨૦ ઉમેદવારો જ આ વખતની ચૂંટણીનો હિસ્સો બન્યા છે અને ૩૨ ઉમેદવારો પ્રથમ વખત ચૂંટણીમાં ભાગ લઈ રહ્યા છે. આ બાબત પણ એક અન્ય પરિબળના સ્વરૂપે જોવાનું રહે છે. કારણ કે કુલ ૩૨ નવી વ્યક્તિઓ પોતાનું ભાગ્ય અજમાવવાના છે.

૩. ૧૯૫૨-૨૦૧૪ દરમિયાન રાશિની દષ્ટિએ (કુલ ૧૬ લોકસભાની ચૂંટણી) કુલ ૪૯૨ વિજેતાઓના આધારેની ગણતરી મુજબ કુંભ અને સિંહ એમ બે રાશિના વિજેતાઓની સંખ્યા વધુ છે. જ્યારે ત્યારબાદના ક્રમે મીન, મેષ અને વૃષભ રાષિનો સમાવેશ થાય છે.

૪. માત્ર ગત ૨૦૦૯ અને ૨૦૧૪ની ચૂંટણીોનાં પરિણામો જોઈએ તો રાશિની દષ્ટિએ કુલ ૫૫ વિજેતાઓના આધારેની ગણતરી મુજબ જે રાશોના ઉમેદવારો વિજેતા થયેલ છે, તેઓના ક્રમ આ પ્રમામે જણાયેલ છે. મી, કન્યા, તુલા, વૃષભ.

૫. હવે હાલની સ્થિતિ મુજબ ૨૦૧૯ની ચૂંટણીના મુખ્ય બે પક્ષોના ઉમેદવારોની રાશિ અને અન્ય પરિબળોને ધ્યાને રાખીને વિજેતાનું આકલન કરેલ છે, જે મુજબના પરિણામોની વિગત પણ પત્રકમાં દર્શાવેલ છે. અહીં એ બાબત પણ રસપ્રદ છે કે લોકસભાની એક સીટ પર એક જ રાશિના ઉમેદવારોનો સમાવેશ થાય છે ત્યારે વિજયની સંભાવના બાબતે પણ આકલન કરવું કઠિન બને છે.

૭. રાશિ આધારિત માહિતી મુજબ ૬થી ૭ સીટ પર ખૂબ જ રસાકસીભર્યું વાતાવરણ જોવા મળે છે અને તેથી કયા પક્ષને કઈ જગ્યાએથી વિજય મળશે તે બાબતે પણ આકલન કરવા માટે ઘનિષ્ટ વિચાર માગી લે છે.

૮. સમગ્રપણે આ એક નવીન પ્રકારનું અને અત્યાર સુધીની તમામ લોકસભાના વિજેતાઓની રાશિના આધારે અલગથી જ આકલન અને વિજેતાઓની સંભાવના બાબતે ગણતરી કરેલ છે. હવે તો પરદેશમાં વ્યક્તિનો જન્મ દિવસમાં થયો છે કે રાત્રિમાં એ મુજબ ભવિષ્યમાં વ્યક્તિ શું બનશે તે અંગે પણ નવા પ્રકારનું સંશોધન થયું છે. આપણા જ્યોતિષશાસ્ત્રમાં તો આ અંગે ઘણું બધું છે પણ સંશોધનની માત્રા નહિવત છે. લોકસભાની ચૂંટણી અંગે એક અલગ જ પ્રકારના થયેલ આકલન અંગે પરિણામો બાદ જ તેના સચોટપણા અને યથાર્થતા અંગે જાણી શકાશે.

- કિરીટ બી. ત્રિવેદી 'નિમિત'

| અનુ. | રાશિ | ૧૯૫૨થી ૨૦૧૪ સુધી વિજેતાઓની સંખ્યા | કુલ વિજેતાની તુલનામાં ટકાવારી | ૨૦૦૯ અને ૨૦૧૪ સંયુક્ત વિજેતા સંખ્યા | ૨૦૦૯ અને ૨૦૧૪ મુજબ ટકાવારી | રાશિ મુજબ ઉમેદવાર ભાજપ | રાશિ મુજબ ઉમેદવાર કોંગ્રેસ | રાશિ અને અન્ય પરિબળો મુજબ ભાજપના વિજેતાનું અનુમાન | રાશિ અને અન્ય પરિબળો મુજબ કોંગ્રેસના વિજેતાનું અનુમાન | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મેષ (અ.લ.ઈ.) | ૪૭ | ૯.૬ | ૨ | ૩.૬૪ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ |
| ૨. | વૃશભ (બ.વ.ઉ.) | ૪૩ | ૮.૭ | ૬ | ૧૦.૯૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ |
| ૩. | મિથુન (ક.છ.ઘ.) | ૩૨ | ૬.૫ | ૫ | ૯.૦૯ | ૨ | ૦ | ૨ | | ૨ |
| ૪. | કર્ક (ડ.હ.) | ૨૫ | ૫.૧ | ૨ | ૩.૬૪ | ૧ | ૦ | ૧ | | ૧ |
| ૫. | સિંહ (મ.ટ.) | ૫૫ | ૧૧.૨ | ૪ | ૭.૨૭ | ૪ | ૨ | ૨ | | ૨ |
| ૬. | કન્યા (પ.ઠ.ણ.) | ૪૦ | ૮.૧ | ૮ | ૧૪.૫૫ | ૩ | ૪ | ૧ | ૨ | ૩ |
| ૭. | તુલા (ર.ત.) | ૪૩ | ૮.૭ | ૭ | ૧૨.૭૩ | ૪ | ૪ | ૨ | ૧ | ૩ |
| ૮. | વૃશ્ચિક (ન.ય.) | ૩૪ | ૬.૯ | ૩ | ૫.૪૫ | ૧ | ૧ | | | ૦ |
| ૯. | ધન (બ.ધ.ફ.ઢ.) | ૨૯ | ૫.૯ | ૨ | ૩.૬૪ | ૨ | ૨ | ૧ | | ૧ |
| ૧૦. | મકર (ખ.જ.) | ૩૧ | ૬.૩ | ૫ | ૯.૦૯ | ૧૨ | ૨ | | | ૦ |
| ૧૧. | કુંભ (ગ.શ.ષ.સ.) | ૬૫ | ૧૩.૨ | ૧ | ૧.૮૨ | ૩ | ૩ | ૧ | | ૧ |
| ૧૨. | મીન (દ.ચ.ઝ.થ.) | ૪૮ | ૯.૮ | ૧૦ | ૧૮.૧૮ | ૩ | ૧ | ૩ | | ૩ |
| | કુલ માહિતી | ૪૯૨ | ૧૦૦ | ૫૫ | ૧૦૦ | ૨૬ | ૨૬ | ૧૫ | ૫ | ૨૦ |

# ગાંધીજીનો વિનોદ

॥ ૩૨મો મણકો ॥

### ૮૬ - કૂવામાંનો દેડકો

ગાંધીજી માત્ર હિંદમાં જ નહીં પણ જગતના એક મહાપુરુષ હતા. તેથી દેશ-પરદેશના પત્રકારો અનેક વાર તેમની મુલાકાતે આવતા. એક વાર એક વિદેશી પત્રકાર ગાંધીજીને મળવા આવ્યા અને તેમણે જગતની પરિસ્થિતિ વિશે કંઈક કહેવાની તેમને વિનંતી કરી.




ગાંધીજી : હું તો કૂવામાંને દેડકો છું. મારે માટે આખું વિશ્વ હિંદમાં અને સેવાગ્રામમાં સમાઈ ગયું છે.

આ વિનોદી વાક્યમાં ગાંધીજીએ પેલા પત્રકારને ઘણું ઘણું કહી દીધું.

### ૮૭ - બાની સાડી વેચે તો પૈસા મળે

આગાખાન મહેલમાં બાએ એક દિવસ પોતાના પુત્ર મણિલાલને યાદ કર્યા. મણિલાલ આફ્રિકામાં રહેતા હતા અને તેમનો પત્ર પણ ન હતો. તેથી બા ચિંતાતુર હતાં. એક દિવસ બાએ તાર કરી મણિલાલના સમાચાર પૂછ્યા.

સાંજે જેલર તારનું બિલ થઈ ગાંધીજી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, 'આ તારના પૈસા બા પાસે લેવાના છે.'

જવાબમાં ગાંધીજીએ કહ્યું, અરે ! બિચારી બા પાસે તો રાતી પાઈ પણ નથી. હા, તેમની એકાદ સાડી વેચીએ તો ત્રણેક રૂપિયા મળે ખરા !

કેદી મંડળી ખડખડાટ હસી પડી. જેલરે સરકારને પૂછાવ્યું કે રકમ ક્યાંથી લેવી ? આગાખાન મહેલના ખર્ચમાં એ રકમ ઉમેરી દેવી એવો જવાબ મળતાં જેલરે બાને પૈસા ભરવામાંથી મુક્તિ આપી.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર